


## ધુરંધર પર મૌનની ચર્ચા વચ્ચે રણવીર-શાહરૂખે એક સાથે ફોટા પડાવ્યા



મુંબઈ, તા. 30: મુંબઈમાં બિઝનેસમેન મોહિત કંબોજની દીકરી મિશ્કાના ગ્લેમરસ બર્થડે બેશમાં બોલિવૂડ સિતારાઓનો મેળાવડો જામ્યો હતો. સોશિયલ મીડિયા પર 'ધુરંધર'ની ધમાકેદાર સફળતા છતાં શાહરૂખ ખાનના મૌન વિશે જે અફવાઓ હતી, તેને એક વાયરલ ફોટોએ ઠંડી પાડી દીધી છે. રેડ ડ્રેસમાં સજ્જ શિલ્પા શેટ્ટી સાથે કિંગ ખાન અને રણવીરે કૂલ અંદાજમાં પોઝ આપીને સાબિત કર્યું કે તેમની વચ્ચે બધું જ બરાબર છે! પાર્ટીમાં રણવીર સિંહે સંજય દત્ત સાથે મળીને 'ધુરંધર'નું ટાઇટલ ટ્રેક ગાઈને ધમાલ મચાવી હતી, જ્યાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ પણ હાજર હતા. ટૂંકમાં, આ રાત ફુલ-ઓન મસ્તી અને સ્ટાર પાવરથી ભરપૂર હતી!

## સોનમ કપૂર બીજી વાર બની મમ્મી, વાયુના ઘરે આવ્યો નાનો ભાઈ



મુંબઈ, તા. 30: અભિનેત્રી સોનમ કપૂર અને આનંદ આહુજાના ઘરે ફરી એકવાર પારણું બંધાયું છે. 29 માર્ચના રોજ સોનમ બીજા દીકરાની મમ્મી બની છે, જેની જાહેરાત તેણે ઇન્સ્ટાગ્રામ પર ભાવુક પોસ્ટ દ્વારા કરી હતી. જોકે એક પુત્રીની માતા બનાવાની તેની ઈચ્છા આ વખતે પણ અધુરી રહી ગઈ છે. સોનમે પોસ્ટમાં લખ્યું કે તેમનો પરિવાર હવે ચાર સભ્યોનો થયો છે અને મોટો ભાઈ વાયુ નાના ભાઈના આગમનથી ખૂબ ખુશ છે. આ ખુશખબર મળતા જ કરીના કપૂર, દીયા મિર્ઝા અને પરિણીતી ચોપરા સહિતના સ્ટાર્સે સોશિયલ મીડિયા પર અભિનંદનની વર્ષા કરી છે.

## સલમાન સાઉથના દિગ્ગજ ડાયરેક્ટરની હાઈ-ઓક્ટેન એક્શન ફિલ્મમાં



મુંબઈ, તા. 30: બોલીવુડ સુપરસ્ટાર સલમાન ખાન ટૂંક સમયમાં સાઉથના રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા દિગ્દર્શક વામશી પૈડીપલ્લી અને નિર્માતા દિલ રાજુ સાથે નવી ફિલ્મમાં જોવા મળશે. આ ત્રણેય દિગ્ગજોએ સોશિયલ મીડિયા પર આ હાઈ-ઓક્ટેન એક્શન ડ્રામા પ્રોજેક્ટની જાહેરાત કરી છે, જેનું શૂટિંગ આવતા મહિનાથી શરૂ થશે. દિલ રાજુના 'શ્રી વેંકટેશ્વર ક્રિએશન્સ' બેનર હેઠળ બનનારી આ ફિલ્મ સલમાનનો વામશી સાથેનો પ્રથમ સહયોગ છે. વામશી 'મહર્ષિ' અને 'વારિસુ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો માટે જાણીતા છે. સલમાન ખાનના ફેન્સમાં આ નવા પ્રોજેક્ટને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ઈન્ડિગોએ શાંઘાઈ-કોલકાતા ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરી

**શાંઘાઈમાં** ભારતીય કોન્સ્યુલેટ જનરલ દ્વારા ઇન્ડિગો 6ઈ ફ્લાઇટ લોન્ચ કરાઈ

બેઈજિંગ, તા. 30 (PTI): ઈન્ડિગો એરલાઈને સોમવારે શાંઘાઈથી કોલકાતા સુધીની તેની દૈનિક ફ્લાઈટ શરૂ કરી છે, જેનાથી ભારત અને ચીન વચ્ચેના હવાઈ સંપર્કમાં વધારો થયો છે.

શાંઘાઈમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલ પ્રતીક માથુર દ્વારા ઈન્ડિગો 6ઈ ફ્લાઈટ લોન્ચ કરવામાં આવી હતી.

શાંઘાઈમાં ભારતીય કોન્સ્યુલેટ દ્વારા એક્સ પર એક પોસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, આ પ્રસંગે ઈન્ડિગોની મેનેજમેન્ટ ટીમ સાથે મુલાકાત કરતા માથુરે હકારાત્મક ગતિ પર ભાર મૂક્યો હતો અને વધતા આત્મવિશ્વાસ તેમ જ ઉત્સાહની પ્રશંસા કરી હતી, જે ભારત અને આ પ્રદેશ વચ્ચેના વધતા હવાઈ જોડાણ અને પુનર્જીવિત આર્થિક સંબંધો દ્વારા વ્યક્ત થઈ રહ્યો છે.

ઈન્ડિગો અને એર ઈન્ડિયા જેવી ભારતીય એરલાઈન્સે શાંઘાઈને નવી દિલ્હી અને કોલકાતા જેવા મેટ્રો શહેરો સાથે જોડવાનું શરૂ કર્યું છે. નવી દિલ્હી પછી કોલકાતા બીજું ભારતીય મેટ્રો શહેર છે જે હવે ચીનની વ્યાપારી રાજધાની શાંઘાઈ સાથે જોડાયેલું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એર ચાઈના 21 એપ્રિલે બેઈજિંગ અને નવી દિલ્હી વચ્ચે સીધી ફ્લાઈટ શરૂ કરવાનું આયોજન કરી રહી છે.

માથુરે જણાવ્યું હતું કે, શાંઘાઈ-કોલકાતાને જોડતો નવો રૂટ ભારતના ઉત્તર-પૂર્વના વિકાસને વેગ આપે તેવી પણ અપેક્ષા છે. માથુરે વધુમાં ઉમેર્યું કે, કોલકાતા અને શાંઘાઈ પરંપરાગત રીતે ખૂબ જ મજબૂત સંબંધો ધરાવે છે, જેમાં નોબેલ વિજેતા રવિન્દ્રનાથ ટાગોરે 1913, 1923 અને 1931માં ત્રણ વખત આ શહેરની મુલાકાત લીધી હતી.

# ઈરાની નૌકાદળના વડા અલીરેઝા તાંગસીરીના મોતની પુષ્ટિ

દુબઈ, તા. 30 (એપી): ઈરાને સોમવારે રિવોલ્યુશનરી ગાર્ડના નૌકાદળના વડા અલીરેઝા તાંગસીરીના મોતના સમાચારની પુષ્ટિ કરી હતી. ઈઝરાયલે ગુરુવારે દાવો કર્યો હતો કે, તેમણે ઈરાની નૌકાદળના રિયર એડમિરલ તાંગસીરીને મારી નાખ્યા છે.

સોમવારે સ્ટેટ ટેલિવિઝન પર વંચાયેલા ગાર્ડના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, ''તાંગસીરી તેમની ગંભીર ઈજાઓને કારણે અલ્લાહના શરણે ગયા છે." નિવેદનમાં તેમના પ્રયત્નોની પ્રશંસા કરવામાં આવી હતી, ખાસ કરીને હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનનું વર્ચસ્વ જાળવી રાખવામાં તેમની મદદ માટે. નિવેદનમાં વધુમાં ઉમેર્યું હતું કે, "દરેક લડવૈયો તાંગસીરી છે, અને આગામી દિવસો તથા મહિનાઓમાં તેઓ કેવી આશ્ચર્યજનક ચીજો સામે લાવશે તે આપણે જોઈશું."

દરમિયાન, તેહરાનથી લગભગ 530 કિમી ઉત્તર-પશ્ચિમમાં આવેલા એક પેટ્રોકેમિકલ પ્લાન્ટ પર સોમવારે હુમલો કરવામાં આવ્યો હતો. સરકારી માધ્યમોએ અહેવાલમાં જણાવ્યું હતું કે ફાયર ફાઈટરોએ ઘટનાસ્થળે લાગેલી આગ પર કાબૂ મેળવી લીધો છે.



મૈસૂરના નંજનગૂડ ખાતે પરંપરાગત 'ગૌતમ રથોત્સવ'માં હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા, પરંતુ આ ભવ્ય ઉજવણી દરમિયાન હૃદયરોગના હુમલાને કારણે એક ભક્તનું કરૂણ મોત નિપજતા ઉત્સવમાં ગમગીની છવાઈ ગઈ હતી. નંજનગૂડ દક્ષિણ કાશી તરીકે ઓળખાય છે. ત્યાંના વિખ્યાત શ્રી કંઠેશ્વર સ્વામી (શિવ) મંદિરમાં યોજાતો રથોત્સવ એ દક્ષિણ ભારતનો એક ખૂબ જ મોટો ધાર્મિક ઉત્સવ છે. અહીંના મુખ્ય રથને 'ગૌતમ રથ' કહેવામાં આવે છે. માન્યતા છે કે આ રથની રચના ગૌતમ ઋષિના માર્ગદર્શન હેઠળ થઈ હતી, તેથી જ તેને આ નામ મળ્યું છે. આ રથ લગભગ 90 ફૂટ ઊંચો હોય છે અને તેનું વજન સેંકડો ટન હોય છે. તેને ખેંચવા માટે હજારો ભક્તો ઉમટી પડે છે.

# યુદ્ધની અસર: પર્યટનધામ સાયપ્રસ સૂમસામ

**ઇરાની** ડ્રોન હુમલા બાદ ફફડી ગયેલા પર્યટકોએ બુકીંગ રદ કરાવવા માંડ્યા, નિર્જન બન્યા દરિયાકિનારા



લિમાસોલ, તા. ૩૦: મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ફફડી ગયેલા પર્યટકોએ સાયપ્રસની તેમની બુકિંગ રદ કરવાનું શરૂ કર્યું છે, જેના કારણે ટાપુ પર હોટલ બુકિંગમાં 40 ટકાનો ઘટાડો થયો છે.

લિમાસોલ અને પ્રોટારાસ જેવા પ્રવાસન સ્થળો, જે સામાન્ય રીતે ઈસ્ટરના વેકેશન દરમિયાન પ્રવાસીઓથી ધમધમતા હોય છે, ત્યાંના ફોટોગ્રાફ્સમાં હવે નિર્જન દરિયાકિનારા અને શેરીઓ જોવા મળી રહી છે. સાયપ્રસનો પ્રવાસન ઉદ્યોગ શિયાળા પછી ફરી શરૂ થઈ રહ્યો હતો ત્યારે જ, 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ 2 માર્ચના રોજ, જ્યારે ઈરાને વળતા પ્રહારો કર્યા, ત્યારે ટાપુ પર આવેલા એક બ્રિટિશ નેવલ બેઝ પર ડ્રોન હુમલો થયો, જેના કારણે પર્યટકો દ્વારા બુકિંગ રદ કરવાની લહેર ફેલાઈ ગઈ. સાયપ્રસમાં ટૂંકા ગાળાના રોકાણ માટેનો દૈનિક કેન્સલેશન રેટ સંઘર્ષ પહેલાના 15 ટકાથી વધીને હુમલા પછીના દિવસોમાં 100 ટકા સુધી પહોંચી ગયો હતો. આ આંકડો હવે ઘટ્યો છે, પરંતુ 21 માર્ચ સુધી તે 45 ટકાની આસપાસ રહ્યો હતો. ગ્રીસ અને તુર્કીમાં પણ કેન્સલેશન રેટમાં થોડો વધારો જોવા મળ્યો હતો.

# ક્યુબાને રશિયન તેલ પુરવઠા સામે ટ્રમ્પને વાંધો નથી

**અમેરિકાના** તેલ પુરવઠા પર કડક પ્રતિબંધો બાદ ક્યુબામાં ઊર્જા કટોકટી ચાલી રહી છે

**રશિયાના** આ એક શિપમેન્ટથી ક્યુબાની 9થી 10 દિવસની જરૂરિયાત પૂરી થશે



વોશિંગ્ટન, તા. 30 (એપી): અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે રાત્રે એક મહત્વપૂર્ણ નિવેદનમાં જણાવ્યું હતું કે, ક્યુબાના દરિયાકાંઠે ઊભેલા રશિયન ઓઈલ ટેન્કર દ્વારા ટાપુ રાષ્ટ્રને તેલનો પુરવઠો પૂરો પાડવામાં આવે તેની સામે તેમને કોઈ વાંધો નથી. અમેરિકાના તેલ પ્રતિબંધોને કારણે ક્યુબા અત્યારે ભારે આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે.

વોશિંગ્ટન પરત ફરતી વખતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે, 'ત્યાં એક ટેન્કર છે. જો કોઈ દેશ અત્યારે ક્યુબામાં તેલ મોકલવા માંગતો હોય, પછી ભલે તે રશિયા હોય, મને તેની સામે કોઈ વાંધો નથી કારણ કે ત્યાંના લોકોને ટકી રહેવા માટે તેની જરૂર છે.'

સોમવારે રશિયાના પરિવહન મંત્રાલયે પુષ્ટિ કરી હતી કે રશિયન ટેન્કર 'એનાટોલી કોલોડકિન' અંદાજે 7,30,000 બેરલ તેલ સાથે ક્યુબાના માટાન્ઝાસ બંદરે પહોંચી ગયું છે. ઉલ્લેખનીય છે કે યુક્રેન યુદ્ધને કારણે આ જહાજ પર અમેરિકા, યુરોપિયન યુનિયન અને બ્રિટેન દ્વારા પ્રતિબંધો લાદવામાં આવેલા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ક્યુબામાં શાસન પરિવર્તન લાવવાના હેતુથી તેના તેલ પુરવઠા પર કડક પ્રતિબંધો મૂક્યા હતા, જેની ત્યાંના સામાન્ય નાગરિકો પર વિનાશક અસર પડી છે.

ક્યુબામાં અત્યારે ઈંધણની અછતને કારણે હોસ્પિટલોની કામગીરી ખોરવાઈ છે અને જાહેર પરિવહન ઠપ થઈ ગયું છે. નિષ્ણાતોના મતે, રશિયાના આ એક શિપમેન્ટથી અંદાજે 1,80,000 બેરલ ડીઝલ મળી શકે છે, જે ક્યુબાની 9થી 10 દિવસની જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતું છે.

ટ્રમ્પે ક્યુબાના નેતૃત્વને ભ્રષ્ટ ગણાવતા કહ્યું કે, 'તેમને એકાદ જહાજ તેલ મળે તેનાથી કોઈ ખાસ ફરક પડવાનો નથી, પરંતુ માનવીય દ્રષ્ટિકોણથી લોકોને તેની જરૂર હોવાથી હું તેને મંજૂરી આપવાનું પસંદ કરીશ.'

# ખાતર ઉદ્યોગ પર યુદ્ધની અસર: ગેસના ભાવમાં 60%નો તોતિંગ ઉછાળો

**ખાતરોનો** ઉત્પાદન ખર્ચ વધતા સરકાર પર સબસિડીનું ભારણ વધવાની શક્યતા

નવી દિલ્હી, તા. 30(PTI): પશ્ચિમ એશિયામાં વધી રહેલા સંઘર્ષને કારણે ખાતરના કારખાનાઓ માટે 'ફીડસ્ટોક' કુદરતી ગેસના ભાવમાં 60 ટકાનો મોટો ઉછાળો આવ્યો છે, જેનાથી સરકાર પર સબસિડીનું ભારણ વધવાની શક્યતા છે.

યુદ્ધને કારણે ઊર્જા પુરવઠાની લાઈન ખોરવાઈ જતાં, કુદરતી ગેસનો પુરવઠો માંગના 80 ટકા સુધી મર્યાદિત થઈ ગયો છે. કુદરતી ગેસ એ એમોનિયા બનાવવા માટેનું પ્રાથમિક ફીડસ્ટોક છે, જે નાઈટ્રોજન આધારિત ખાતરો માટે અત્યંત જરૂરી છે. આ ઘટ પૂરી કરવા માટે ખાતર કંપનીઓ 'સ્પોટ' અથવા હાજર બજારમાંથી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ખરીદી રહી છે. પશ્ચિમ એશિયાની ઘટનાઓ અંગે યોજાયેલી આંતર-મંત્રાલય બ્રીફિંગમાં ખાતર વિભાગના સંયુક્ત સચિવ અપર્ણા શર્માએ જણાવ્યું હતું કે, આગામી ખરીફ સિઝનમાં ખેતીની માંગને પહોંચી વળવા માટે દેશમાં ખાતરનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.

ઘરેલું યુરિયાના ઉત્પાદન પર પણ અસર પડી છે, જો કે તેની અસર ઘટાડવા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. તેમણે માહિતી આપી હતી કે ખરીફ 2026 માટે ખાતરની કુલ જરૂરિયાત અંદાજે 39 મિલિયન ટન છે, જે ગયા વર્ષે 36.1 મિલિયન ટન હતી. હાલમાં સ્ટોકનું સ્તર આશરે 18.0 મિલિયન ટન છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં 14.7 મિલિયન ટન હતું. એપ્રિલ અને મે મહિનામાં ખેતીની પ્રવૃત્તિ ઓછી હોવાથી આ સમયનો ઉપયોગ બફર સ્ટોક વધારવા માટે કરવામાં આવી રહ્યો છે. ઘરેલું ઉત્પાદનને ટેકો આપવા માટે, યુરિયા પ્લાન્ટ્સમાં ગેસનો પુરવઠો જે શરૂઆતમાં ઘટાડીને 60 ટકા કરવામાં આવ્યો હતો, તે વૈકલ્પિક વ્યવસ્થાઓ દ્વારા વધારીને 75-80 ટકા કરવામાં આવ્યો છે. ખાતરના કારખાનાઓની દૈનિક 52 મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસની જરૂરિયાતમાંથી લગભગ 15 mmscmd ગેસ સ્પોટ માર્કેટમાંથી ખરીદવામાં આવી રહ્યો છે.



# છૂટાછેડાની અનોખી ઉજવણી: 9 કિમીની દંડવત યાત્રા!

**લગ્નજીવનથી** માનસિક રીતે પરેશાન યુવકે માતાના મંદિરમાં બાધા માની હતી

લખનઉ, તા. 30: ઉત્તર પ્રદેશના બસ્તી જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક યુવકે તેના લગ્નજીવનના અંતની ઉજવણી કરવા માટે 9 કિલોમીટર લાંબી દંડવત યાત્રા કરી હતી. સોન્હા પોલીસ સ્ટેશન વિસ્તારના યોગેશ નામના આ યુવકે લગ્નજીવનમાં ચાલી રહેલા વિખવાદોથી કંટાળીને આ અનોખી બાધા માની હતી.

યોગેશના લગ્ન માત્ર બે વર્ષ પહેલા થયા હતા, પરંતુ શરૂઆતથી જ દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા, જેના કારણે તે માનસિક રીતે ખૂબ પરેશાન રહેતો હતો. આ તણાવમાંથી મુક્તિ મેળવવા તેણે ભાનપુરના પ્રસિદ્ધ બડવા માતા મંદિરમાં બાધા માની હતી કે જો તેને આ લગ્નમાંથી છૂટકારો મળશે, તો તે પોતાના ગામથી મંદિર સુધી દંડવત પ્રણામ કરતા યાત્રા કરશે. તાજેતરમાં કાયદાકીય રીતે છૂટાછેડા મળતા જ તેણે પોતાની બાધા પૂરી કરવાનું નક્કી કર્યું.

ભારે ગરમીમાં અન્ન-જળના ત્યાગ સાથે તેણે સવારે આ કઠિન યાત્રા શરૂ કરી હતી. તેના માતા-પિતા અને ગ્રામજનો પણ ભજન-કીર્તન સાથે તેની સાથે જોડાયા હતા. સાંજે 6 વાગ્યા સુધીમાં જ્યારે તે મંદિર પહોંચ્યો ત્યારે થાક અને ઘૂંટણમાંથી લોહી નીકળવા છતાં તેના ચહેરા પર માનસિક શાંતિ જોવા મળી હતી. આ ઘટના અત્યારે સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહી છે અને આધુનિક લગ્નજીવનના દબાણો વિશે ચર્ચા થઈ રહી છે.

## ચીનમાં ડોગ કિંડરગાર્ટનનો વધતો ક્રેઝ

**એક** મહિલાએ તો પોતાના કૂતરાની કેજીમાં માવજત કરાવવા રૂ. ૧.૬ લાખ ખર્ચ્યા!

શાંઘાઇ, તા. ૩૦: સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, ચીનની એક મહિલા તેના છ મહિનાના સામોયેડ પ્રજાતિના શ્વાનને 'ડોગ કિન્ડરગાર્ટન'માં દાખલ કરવા માટે ૧૨,૦૦૦ યુઆન (આશરે રૂ. ૧.૬ લાખ) ખર્ચવા બદલ વાયરલ થઈ છે.

આ પેકેજમાં શ્વાનનો સ્વભાવ સમજવા માટે પર્સનાલિટી ટેસ્ટિંગ અને ભસવા કે આક્રમકતા જેવી સમસ્યાઓ ઉકેલવા માટે બિહેવિયર ટ્રેનિંગનો સમાવેશ થાય છે. તેઓ પાલતૂ પ્રાણીઓને અન્ય શ્વાન સાથે હળવા-મળવામાં મદદ કરવા માટે સામાજિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખે છે. આ કિન્ડરગાર્ટન દરરોજ પિક-અપ અને ડ્રોપ-ઓફની સુવિધા પણ આપે છે, જોકે પાલતૂ પ્રાણીઓના ખોરાક માટે અલગથી ચાર્જ લેવામાં આવે છે. પાલતૂ પ્રાણીઓના માલિકો ઓનલાઇન રિયલ ટાઈમમાં પોતાના શ્વાન પર નજર રાખી શકે છે. આ સંસ્થા નિયમિત હેલ્થ ચેક-અપની સુવિધા પણ પૂરી પાડે છે. અહેવાલ મુજબ, તાઓતાઓ તરીકે ઓળખાતી આ મહિલાએ જણાવ્યું કે તે કામમાં વ્યસ્ત રહે છે અને તેના પાલતૂ પ્રાણીને પૂરતો સમય આપી શકતી નથી, તેથી તેણે આ સર્વિસ પસંદ કરી છે. ચીનમાં આવી સેવાઓની માંગ ઘણી વધારે છે, કારણ કે માલિકો ગુણવત્તાયુક્ત સંભાળ અને તાલીમ માટે મોટી રકમ ખર્ચવા તૈયાર હોય છે.

# દિલ્હીમાં પતિએ ગેસ સિલિન્ડરના ઘા ઝીંકી પત્નીની હત્યા કરી

**પતિના** ભાઈને આર્થિક મદદ કરવા બાબતે દંપતી વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો

નવી દિલ્હી, તા. ૩૦ (PTI): દક્ષિણ-પૂર્વ દિલ્હીના પુલ પ્રહલાદપુર વિસ્તારમાં ઘરેલુ ઝઘડા દરમિયાન પતિએ નાના એલપીજી સિલિન્ડર વડે હુમલો કરતાં ૩૨ વર્ષીય મહિલાનું કથિત રીતે મોત નીપજ્યું હોવાનું પોલીસે સોમવારે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, મૃતકની ઓળખ પૂનમ તરીકે થઈ છે, જ્યારે આરોપી સુરેશ કુમારની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના તેમના ડીડીએ જનતા ફ્લેટ્સ સ્થિત નિવાસસ્થાને બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, દંપતીનાં લગ્ન ૨૦૨૦માં થયાં હતાં અને તેઓ તાજેતરમાં જ એક મહિના પહેલા રાજસ્થાનના ચુરુ જિલ્લામાંથી દિલ્હી શિફ્ટ થયા હતા. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (દક્ષિણ-પૂર્વ) હેમંત તિવારીએ જણાવ્યું હતું કે, "ઘરમાંથી ચીસો સાંભળીને પડોશીઓએ સત્તાવાળાઓને જાણ કરી ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પૂનમને ગંભીર હાલતમાં પડેલી જોઈ હતી. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી."

પ્રાથમિક તપાસ સૂચવે છે કે, પતિના ભાઈને આર્થિક મદદ કરવા બાબતે દંપતી વચ્ચે દલીલ થઈ હતી, જે ઉગ્ર ઝઘડામાં પરિણમી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, ઝઘડા દરમિયાન કુમારે નાનો એલપીજી સિલિન્ડર ઉઠાવ્યો હતો અને પત્ની પર વારંવાર પ્રહાર કર્યા હતા, જેના પરિણામે જીવલેણ ઈજાઓ થઈ હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે, દંપતીને બે દીકરીઓ છે - એક ચાર વર્ષની છે જે હાલમાં ચુરુમાં દાદા-દાદી સાથે રહે છે, અને બીજી લગભગ દોઢ વર્ષની છે જે ઘટના સમયે ઘરમાં હાજર હતી.

# કુવૈતમાં ઈરાની હુમલામાં ભારતીય નાગરિકનું મોત

દુબઈ, તા. 30 (PTI): કુવૈતમાં પાવર અને વોટર ડિસેલિનેશન પ્લાન્ટ પર ઈરાની હુમલામાં એક ભારતીય નાગરિકનું મોત થયું છે. આ સાથે પશ્ચિમ એશિયામાં એક મહિના પહેલા શરૂ થયેલા સંઘર્ષમાં અત્યાર સુધીમાં જીવ ગુમાવનાર ભારતીય નાગરિકોની કુલ સંખ્યા આઠ થઈ ગઈ છે.

28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા ઈરાન-અમેરિકા સંઘર્ષમાં જમીન પર કોઈ ભારતીયનું આ પાંચમું મૃત્યુ છે. (બાકીના ત્રણ મૃત્યુ સમુદ્રી જહાજો પર થયા હતા).

કુવૈતના વીજળી, પાણી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે, રવિવારે થયેલા હુમલામાં પ્લાન્ટની એક સર્વિસ બિલ્ડિંગને નુકસાન થયું છે. તેમ કુવૈતની સરકારી સમાચાર એજન્સી કુનાએ અહેવાલ આપ્યો છે. કુવૈતમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકના મોતની પુષ્ટિ કરી છે.